Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री कल्याणपार्श्वनाथाय नमः ॥

# અજિત-સ્તવનમાળા

— સંયોજક —

મુનિશ્રી લક્ષ્મીસાગરજી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન-સ્તુતિ.

( શાર્દૂલવિક્રીડિત )

શોભે શાન્ત પવિત્ર દિવ્ય સુખદા, આનંદ
કારી સદા; સંસ્કારી પ્રતિમા જિનેશ્વર તણી
ભવ્યો તણી મોક્ષદા; ભાવો ઉત્તમ અર્પતી
હૃદયમાં, શાન્તિ ઉરે સ્થાપતી; વંદુ પ્રેમ
ધરી જિનેશ્વરપદે, હૈયા તણા ભાવથી. ૧

( દ્રુતવિલંબિત )

વિમલ જ્ઞાનસુધાકરના સમા
પરમ શીતલ અંતર ઠારતા;
ભવિજને સુખ, શાન્તિ, વસાવતા
પદ જિનેશ્વરના શુભ મોક્ષદા. ૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री कल्याण पार्श्वनाथाय नमः ॥

# અજિત-સ્તવનમાળા.

— સંયોજક —

મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

સંવત ૧૯૯૮ સને ૧૯૪૨

પ્રત ૫૦૦

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકાશકઃ—
શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર.
વિજાપુર. ( ઉ. ગુજરાત. )

મુદ્રકઃ—
પટેલ અંબારામ સાંકળચંદ.
મુદ્રણસ્થાનઃ—
પટેલ પ્રિન્ટીંગ પ્રેસ.
વિસનગર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અર્પણ.

## શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય પ્રસિદ્ધવક્તા
## શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજીના
## ચરણ કમલે

પરમ પૂજ્ય ગુરુદેવ !

આપે મહદ્ ઉપકાર કરી મને શુભ ચારિત્ર અર્પી સન્માર્ગગામી બનાવ્યો છે તેની સ્મૃતિરૂપ આ લઘુ પુસ્તિકા આપના પવિત્ર ચરણ–કમળે ધરી કૃતાર્થ થાઉં છું.

આપનો નમ્ર અંતેવાસી,
**મુનિ લક્ષ્મીસાગર.**

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચારિત્રશાળી સૂરિવરને.

( રાગ– સાવનકે નઝારે હૈંય )

મુજ મનડું ચાહે છે આ....હા....
આ....હા.... સૂરિચારિત્રશાળીને. લ....લ....
લ....લ....લા. ગુરૂ **અજિત સૂરીશ્વરને.**
મુજ. ॥ ૧ ॥ હા....આ....હા. ગુરૂ પ્રેમે
પૂજાતા, સાહિત્ય ઉદ્યાને. લ....લ...લ....
લ....લા. જિન ભક્તિ ભાવીને. મુજ. ॥ ૨ ॥
ગુરૂ કાવ્યામૃત પાતા, સમતામાં રમતા.
લ..લ..લ..લ..લા. ઉર–આલય આવીને.
મુજ. ॥ ૩ ॥ વાણી રસશાળી, ઘણી ગાજે
ગગને. લ..લ..લ..લ..લા. વિશ્વમાં વહાવીને.
મુજ. ॥ ૪ ॥ ઓ ! દિવ્ય અજિત સૂરિ
કરશો આ ભવપાર. લ...લ..લ...લ..લા.
ધન્ય માનું છું મુજ અવતાર. મુજ. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લક્ષ્મીસાગર** ગુરૂજીનાં ગુણ ગણ ગાવાને. લ..લ..લ..લ..લા. તુજ રૂપમાં સમાવાને. મુજ. ॥ ૬ ॥ આશ્વિન ત્રીજ દીને, આપ ગુણ ગાન ગાયે. લ...લ...લ...લ...લા. ગુરૂ જયંતિ ઉજવાયે. મુજ. ॥ ૭ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન.

આ લઘુ પુસ્તિકા એ **મુનિ શ્રી લક્ષ્મી સાગરજી**નો પ્રથમજ પ્રયાસ છે. એટલે ક્ષતિઓ હોવાનો સંભવ છે. પરંતુ ગુરુપ્રેમ અને વડીલ ગુરુ બંધુ પ્રત્યેનો આદરભાવ રજુ કરી પુસ્તિકા પ્રગટ કરવાનો પ્રયાસ આદરપાત્ર છે. સાહિત્ય રસિક, પ્રસિદ્ધવક્તા, **મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી**ના પવિત્ર સહવાસથી તેમના હૃદયમાં પણ સાહિત્યનાં ઝરણો ફૂટે એ સ્વાભાવિકજ છે. સત્સંગનું પરિણામ પણ શુભ જ નિવડે એ સ્પષ્ટ છે. સાહિત્યપ્રેમી કવિરત્ન શ્રીમાન મુનિરાજ **હેમેન્દ્ર સાગરજી**એ પોતાની શીતળ છાયામાં રાખી **મુનિશ્રી લક્ષ્મીસાગરજી**ને ભાવના--અમૃતનાં સિંચન સીંચ્યાં છે. એટલે ક્વચિત્ ક્વચિત્ તેમનાં સ્તવનોમાં પ્રસંશાપાત્ર લીટીઓ યોજાઈ છે, તે વાંચકો પુસ્તિકા વાંચી સમજી લેશે. ભવિષ્યમાં **મુનિશ્રી લક્ષ્મીસાગરજી** વધારે સુંદર સ્તવનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી જૈન ધર્મ સેવા બજાવશે એમ આશા છે. ચાલુ સમયને અનુસરી રાગો યોજાયા છે તેથી સારો લાભ લેવાશે એમ ખાત્રી છે. જૈન સમાજમાં નૂતન રાગની ઘણી ચોપડીઓ બહાર પડે છે તેમાં આ નમુનારૂપ છે. આ પુસ્તકને છપાવવા મદદરૂપ નીચેના ગૃહસ્થો છે.

રૂા. ૪૦) શેઠ મંગળદાસ વૃજલાલ પરીખ
રૂા. ૧૦) શા. હીરાલાલ પોપટલાલ પેથાપુરવાળા
રૂા. ૧૦) શેઠ ગોકળભાઈ દોલતરામ.
રૂા. ૫) શા. સોમચંદ ચુનીલાલ.
રૂા. ૫) શા. કેશવલાલ લલ્લુભાઈ ભાલકવાલા.

ઉપરોક્ત સદ્‌ગૃહસ્થોએ પ્રભુ ભક્તિમાં મદદ કરી છે માટે ધન્યવાદ સાથે આભાર માનવામાં આવે છે.

શરદ પૂર્ણિમા
સંવત ૧૯૯૮
**સારસા.**
વાયા આણંદ

લી૦ સેવક,
**રમણલાલ સોમચંદ શાહ.**

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવદર્શન.

## शुभे यथाशक्तिर्यतनीयम् ।

જિનેશ્વર પ્રભુ તરફ પૂજ્યભાવ રજુ કરવા સર્વ કોઈને હક્ક છે. કારણકે એ શુભ ધર્મ ભાવના છે. એ ધર્મ-લાગણીને વશ થઈ જે સ્ફુરણ અંતરમાં થયું છે તે જેવીને તેવી સ્થિતિમાં રજુ કર્યું છે. તેમાં અવશ્ય ભૂલો થઈ હશે તે માટે ઉદાર મહાનુભાવો ઉદાર વૃત્તિ જ સેવશે એમ આશા રાખું છું.

આ પુસ્તિકાનાં પ્રુફ સુધારવામાં મારા પૂજ્ય વડીલ ગુરુબંધુ પ્રસિદ્ધવક્તા, સાહિત્યપ્રેમી, કવિરત્ન **શ્રીમાન મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજી**એ ઘણી મદદ કરી છે તે માટે હું તેમનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત ઋણી છું એ સિવાય મારા સ્તવનોને ક્ષતિઓ સુધારી કંઈક અંશે સારી કોટિનાં કરી આપવા બદલ તેમના ઉપકારનો બદલો વાળવા હું સમર્થ નથી. સર્વથી ઉત્તમ વાત તો એ છે કે તેમના સરલ અને સંસ્કારી સ્વભાવની સચોટ અસર મારા હૃદય પર પડી છે અને એમની સાચી આશિષના પરિણામ રૂપ આ પ્રાસાદિક રચના સર્વની સમક્ષ મુકવા હું શક્તિમાન થયો છું. આ લઘુ પુસ્તિકાનો સર્વ ભવિજનો સદુપયોગ કરો એવી શુભ ભાવના સાથે વિરમું છું.

દીપોત્સવી
સંવત ૧૯૯૮
મંડીનો ખાંચો,
**વિસનગર.**

**મુનિ લક્ષ્મીસાગર.**

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરૂ-ભક્તિ.

( રાગ- આતો લાખેણી લજ્જા કહેવાય )

આજ આનંદ ઉરમાં છવાય, શોભે શાસનમાં, મુજ ભક્તિ કૃતારથ થાય, શોભે શાસનમાં, ભવ્ય **હેમેન્દ્રસાગરજી**ની વાણી પરખી, મારૂં હૈયું રહ્યું સદા હરખી હરખી, ધન્ય જીવન એજ ગણાય-શોભે શાસનમાં. **લક્ષ્મીસાગરજી**ને જોઈ દુઃખો ટળ્યાં, મારા મનડાના ભાવો તે આજે ફળ્યા, દુઃખ દારિદ્ર એમ દૂર થાય-શોભે શાસનમાં. **હર્ષસાગરજી**ની શુભ વૃત્તિ જોઈ, મારી માયાનું બંધન સર્વ ખોઈ, એથી અનુપમ જીવન જીવાય-શોભે શાસનમાં. મુનિ ત્રણે પધારીને પાવન કીધાં, **વિસનગર**વાસીને દર્શન દીધાં, એવા સંતો સુશાન્ત સુહાય-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભે શાસનમાં. આવી અઠાણું સાલે ચોમાસુ
રહી. જ્ઞાન ધ્યાને અને શુભ વૃત્તિ દઈ,
સ્નેહે **કાન્તિ** ગુરૂ ગુણ ગાય–શોભે શાસનમાં.

સંવત ૧૯૯૮ } કાન્તીલાલ જમનાદાસ
વિસનગર. } મણીઆર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન સ્તવન-સંગ્રહ.

રચયિતાઃ—

કાવ્ય-વિલાસી કવિરત્ન પ્રસિદ્ધ વક્તા

વિદ્વાન મુનિરાજ

**શ્રીમાન હેમેન્દ્રસાગરજી મહારાજ**

કાવ્યરસના દરેક રસથી ભરપૂર સુંદર સ્તવનોનો અપૂર્વ સંગ્રહ. જુજ નકલ સિલકે છે

કિંમત ૮ આના

**શ્રીમદ બુદ્ધિસાગર સૂરિ જૈન જ્ઞાનમંદિર**

વિજાપુર. ( ઉ. ગુજરાત. )

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજિત-સ્તવનમાળા.

## વિમળાચળતીર્થ વંદન સ્તવન.

( રાગ-ખૂને જીગરકા પીતી )

વિમલાચલથી મન મોહ્યું રે, મને ગમે ન બીજે કયાંય; મનમોહનમાં સુખ જોયું રે, મુજ આતમ સુખની છાંય-ટેક. સમરૂં સિદ્ધાચલ સ્વામી, લળી લળી વન્દુ ગુણરામી; મુજ જીવન અંતર જામી રે, અનુભવથી અનુભવાય. વિ. ।। ૧ ।। મન મોહન લાગ્યા મીઠા, આદિશ્વર નયણે દીઠા; હવે રહ્યા ન લખવા ચિઠ્ઠા રે, મન મસ્તિ-થી મકલાય. વિ. ।। ૨ ।। સિધ્યા તુજ પ્રેમે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંતા, વળી સિદ્ધશે ભવિજન સંતા; થયા સિદ્ધ બુદ્ધ ભગવંતા રે, જ્ઞાનીઓ તુજને ગાય. વિ. ॥ ૩ ॥ તુજ સાથે લગની લાગી, મુજ ભવની ભાવટ ભાગી; મુજ અંતર ચેતના જાગી રે, મુજ મનડું તુજને ચ્હાય. વિ. ॥ ૪ ॥ આનંદજ્ઞાને ઉલ્લસીયો, મુજ હૃદય કમલમાં વસીયો; શ્રદ્ધા પ્રીતિએ વિકસિયો રે, ઘટ સુખ સાગર ઉભરાય. વિ. ॥ ૫ ॥ તુજ શરણે નિર્ભય થઇયો, આતમ જીવન ગહ ગહીયો; મરજીવો થઇ તુજ લહીયો રે, તું આપો આપ સુહાય. વિ. ॥ ૬ ॥ વિમલાચલ વાસી વ્હાલા, મુજ સુણશો કાલાવાલા; બુદ્ધિ-**સાગર** ઘટ ભાવ્યા રે, નિત્ય રહેશો હૈડા માંય વિ. ॥ ૭ ॥

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra    Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૩ )

# મહાવીર સ્તવન.

## (પ્રભુ મહાવીર દેવભક્ત જૈન કર્તવ્ય)

(રાગ—વિમલા નવ કરશો ઉચ્ચાટ.)

પ્રભુ મહાવીર જિનેશ્વર તુજ સેવા ભક્તિ કરૂં રે, સમકિત ધારી વ્રત તપ સંયમ ગુણને આદરૂં રે. પ્રભુ. ॥ ૧ ॥ જૈન ધર્મ જગમાં ફેલાવું, જૈન શાસ્ત્રમાં શ્રદ્ધા લાવું; સુગુરૂ જ્ઞાનિ મુનિ સંઘ સેવામાં મરવું ખરૂં રે. પ્રભુ. ॥ ૨ ॥ સર્વ જીવોનાં દુઃખ હઠાવું; યથા શક્તિ શુભ ભાવના ભાવું; આતમ શુદ્ધિ કરવા સર્વ કષાયો સંહરૂં રે. પ્રભુ. ॥ ૩ ॥ મિથ્યા અવિરતિ યોગ કષાયો, આઠ કર્મનો જે સમુદાયો; તેને જીતવા જૈન બનીને જગમાં સંચરૂં રે. પ્રભુ. ॥ ૪ ॥ શક્તિયોથી શત્રુ જીતી, જૈન

www.kobatirth.org    For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનું એ શ્રદ્ધા પ્રીતિ; જિન પદ આતમમાં પ્રગટાવું, સાધ્ય એ દિલવરૂં રે પ્રભુ. ॥ ૫ ॥ ભીતિ ખેદ ને દીનતા ત્યાગું, સુખ દુઃખમાં સમભાવે જાગું; શુભાશુભ કર્મોમાં–સમ ભાવે રહું નિશ્ચય કરૂં રે. પ્રભુ. ॥ ૬ ॥ જૈન ધર્મ રક્ષાર્થે મરવું, વિધર્મી વૈરિનું હિત કરવું; પલપલ મોહ શયતાનના ફંદે, ફસુ નહીં પ્રભુ સ્મરૂં રે. પ્રભુ. ॥ ૭ ॥ જૈન પણાની ફર્જ બજાવું, મોહ શયતાન મારી હઠાવું; **બુદ્ધિસાગર** આતમ મહાવીર શુદ્ધ દશા ધરૂં રે. પ્રભુ. ॥ ૮ ॥

( સ્તવન સંગ્રહમાંથી )

---

## શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન.

( રાગ–ધનાશ્રી. )

ગુણમાં બન્યો ગુલતાન પ્રભુજી ત્હારા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણમાં બન્યો ગુલતાન—ટેક. દેવ દયાળુ તવ દર્શનથી, પામ્યો શિવ સોપાન—પ્રભુજી ત્હારા. ॥ ૧ ॥ માયા મમતા દૂર નિ-વારી, ધરૂં ત્હમારૂં ધ્યાન. પ્રભુજી ત્હારા. ॥ ૨ ॥ મોહ મદિરા ત્યાગી ત્હમારે, શરણે આવ્યો સુલતાન. પ્રભુજી ત્હારા. ॥ ૩ ॥ આપો અમોને અવિચળ પદવી, **શંખેશ્વર ભગવાન.** પ્રભુજી ત્હારા. ॥ ૪ ॥ પાપો અમારા કાપો સમૂળાં, દેઇ દયાનું દાન. પ્રભુજી ત્હારા. ॥ ૫ ॥ નિજ સ્વરૂપ નિહા-ળી નગીના, ખુબ થયો મસ્તાન. પ્રભુજી ત્હારા. ॥ ૬ ॥ સેવા સેવકની સ્વામી સ્વી-કારો, આપો પદ નિર્વાણ. પ્રભુજી ત્હારા. ॥ ૭ ॥ જડ ચૈત્યનને જુદા જોઇ, જાગ્યું અનુભવ જ્ઞાન. પ્રભુજી ત્હારા. ॥ ૮ ॥ ભેદ ભાવની ભ્રમણા ભાગી, પામી સુખની ખાંણ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra    Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુજી ત્હારા. ॥ ૯ ॥ **પાર્શ્વ** ચરણમાં **અજિત** ભાવે, આવે મુકી અભિમાન. પ્રભુજી ત્હારા. ॥ ૧૦ ॥

---

## પદ્મપ્રભુનું સ્તવન.

### મહુડી. ( મધુપુરી )

( રાગ– વિમલાચલથી મન મોહ્યું રે. )

મ્હારી વાર કરો હે સ્વામી, જીવન જાય, જાય, જાય, જગજીવન અંતરજામી, ચિત્તડું ચ્હાય, ચ્હાય, ચ્હાય. ॥ ૧ ॥ મેં ધર્મ કર્મ નવ જાણ્યા, મેં મમત ગમતને માણ્યા, વળી પક્ષ જગતમાં તાણ્યા, પ્રભુ કર સ્હાય, સ્હાય, સ્હાય. ॥ ૨ ॥ છે નામ ત્હમારૂં સાચું, આ વિશ્વ બધું છે કાચું, હવે આપ ચરણને જાચું, પ્રિતી બહુ થાય, થાય, થાય. ॥ ૩ ॥ શુભ દેવળ દિવ્ય ત્હ-

www.kobatirth.org    For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારૂં, વળી પૂરણ લાગે પ્યારૂં, હું હરદમ નામ ઉચ્ચારૂં, ગુણ મન ગાય, ગાય, ગાય. ॥ ૪ ॥ છે સાભ્રમતીનો આરો, અતિ પાવન છેજ કીનારો, મારા મનડા કેરો ધસારો, તમોમાં ધાય, ધાય, ધાય. ॥ ૫ ॥ **વીર ઘંટાકર્ણ** સમીપે, **બુદ્ધિસાગરજી** પણ દીપે, જોતાં તર્ષ નવી છીપે, લાગું પાય, પાય, પાય. ॥ ૬ ॥ અમે દાસ તુમારા છીએ, અમે આપ ચરણમાં રહીએ, વળી દર્શન નિત્યે ચહીએ, પાવન કાય થાય, થાય. ॥ ૭ ॥ **મધુપુરી ગામ** મઝાનું **પ્રભુ પદ્મનાથ** ત્યાં માનું, નથી સૃષ્ટીમાંહી છાંનું, મહિમા નમાય, માય, માય. ॥ ૮ ॥ **સૂરિ અજિત સાગર** વિનવે છે, સ્તુતિ ગુર્જરમાંહી સ્તવે છે, મ્હારા કોટી પ્રણામ હવે છે, કરજો સ્હાય, સ્હાય, સ્હાય. ॥ ૯ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૮ )

## જાગોને-જોગી.

( જોતાં જોતાં ચાલ્યા ગયા રે-એ રાગ )

વૈરાગ્યનાં વ્હાયાં વાયાં રે, જાગોને જોગી, અલખનાં ગાણાં ગાયાં રે, જાગોને જોગી—એ ટેક. આંગણે ગુરૂજી આવ્યા, લક્ષ્યારથ લાભ લાવ્યા, પ્રેમ ભાવ પરખાવ્યા રે, જાગોને જોગી. ॥ ૧ ॥ પ્રેમ રૂપ પંખી બોલ્યાં, દીલનાં કમળ ડોલ્યાં, તેજ કેરાં દ્વાર ખોલ્યાં રે, જાગોને જોગી. ॥ ૨ ॥ અજ્ઞાન અંધારૂં ગયું, ઉષા કેરૂં તેજ થયું, હૈડું હરખાઈ રહ્યું રે, જાગોને જોગી. ॥ ૩ ॥ ચંચળતા રૂપી ચંદ, પડી ગયો છેક મંદ, પ્રગટયો આનંદ કંદ રે, જાગોને જોગી. ॥ ૪ ॥ ભજનની વેળા થઈ, આળસને રાખો નહીં, **અજિત** જગાડે સહી રે, જાગોને જોગી. ॥ ૫ ॥ ( ગીત પ્રભાકર માંથી )

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાવીર-સ્તવન.

( આવો આવો ઓ વીર સ્વામી મારા અંતરમાં )

પાઓ પ્રેમે ઓ ! ત્રિશલાનંદન, જ્ઞાનસુધા સુખધામ—ટેક. પામર જન અજ્ઞાની નયને, મોહ મમતને લેખે, અમૃત કુંડ મહાવીર નામી, નેત્ર સમીપ નવ દેખે. પાઓ. ॥ ૧ ॥ સુંદર વદન નિહાળી પ્રભુજી, મન્મથ મૂકે માન, ક્રોડ સૂર્ય સમ કાન્તિ ઉજાસે, અંતર જાગે જ્ઞાન. પાઓ. ॥ ૨ ॥ બોધ દઇને માનવ તાર્યાં, વિરમ્યા સઘળા તાપ, ચોરાશીના ફેરા ટાળી, પામ્યા સુખ અમાપ. પાઓ. ॥ ૩ ॥ દૂર કર્યા પત્થર સમ કર્કશ, પરિષહો તમામ, કેવળજ્ઞાની પૂરણકામી; અંતરના આરામ. પાઓ. ॥ ૪ ॥ પ્રેમ 'બંસરી' ઉરમાં વાગે, હર્ષોર્મિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિરામ, મુનિ હેમેન્દ્રની રગરગ વ્યાપ્યું, વીર પ્રભુનું નામ. પાઓ. ॥ ૫ ॥

---

## રાણકપુર મંડન શ્રી આદિનાથ સ્તવન.

(છાનીછાની હૈયાની કહું વાત પ્રીતમ પેરીસ જઇએ)

મને વ્હાલું આદીશ્વર નામ, દર્શન પાવનકારી, શોભે સારૂં રાણકપુર ધામ, મૂર્તિ મન હરનારી.—ટેક. જગમાં સર્વ અનિત્ય નિહાળું, ત્હારૂં ચિંતવન શાશ્વત ભાળું, આવો હૈયે બનીને પ્રભુ હામ, લ્યો ભવસિંધુથી તારી....મને. ॥ ૧ ॥ તેજપુંજ છો અલખ નિરંજન, તુજ ચરણે હો લાખો વંદન, આપો આપો શિવપુરમાં વિશ્રામ, દુઃખ ઘો સર્વ વિદારી....મને. ॥ ૨ ॥ મંદિરની રચના અતિ સુંદર, બિરાજ્યા જ્યાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ ધુરંધર, ધના શ્રેષ્ઠી કેરાં એ અમર કામ,
નાખ્યાં તન મન વારી.....મને. ॥ ૩ ॥
વાદવિવાદ જરી ન પીછાનું, નામ સ્મરણને
ઉત્તમ માનું, વાગે આત્માની બંસી અવિ-
રામ, મધુરા સુરની સારી....મને. ॥ ૪ ॥
અજિત પદ આકાંક્ષી બાળક, બુદ્ધિદાતા
પ્રભુ ઉધારક, મુનિ હેમેન્દ્ર ગાયે આઠે
યામ, રચના ત્હારી ન્યારી....મને. ॥ ૫ ॥

---

## ઓશયાં મંડન મહાવીર સ્તવન.

( છોટાસા બલમા મેરે આંગનેમેં )

ઓશિયાંવાસી મહાવીર, સુંદર સાત્વિક
સ્વામી, ચરણે નમાવું પ્રભુ શીર, જિનવર
અંતરયામી.—ટેક. પીત વરણી શુભ દેહ,
પ્રતિમા મન હરનારી, મળવાને ઉર છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધીર, જિનજી અંતરયામી. ઓશિયાં. ॥ ૧ ॥ ધ્યાને આવો છો અષ્ટ પ્હોર, લગની સાચી લાગી, વિરાગી વિમલ સ્વરૂપ, હરખું તુજને પામી. ઓશિયાં. ॥ ૨ ॥ અન્ય ચાહું ના જિનદેવ! શરણું ત્હારૂં સાચું, દર્શન કીધું જ્યાં ધરી પ્રેમ, પ્રીતિ સાચી જામી. ઓશિયાં. ॥ ૩ ॥ અંતરમાં રણકે સરોદ, ઉરની બંસી વાગી, સ્વર કેરાં ઉછળે કલ્લોલ, રસની નહિ કંઇ ખામી. ઓશિયાં. ॥ ૪ ॥ **અજિત** ગતિ તુજ નાથ! બુદ્ધિ દીર્ઘ ન મ્હારી, **હેમેન્દ્ર** કરો ભવપાર, શિવપુરના વિશ્રામી. ઓશિયાં. ॥ ૫ ॥

---

## અર્બુદગિરિ મંડન શ્રી ઋષભદેવ સ્તવન.

( રાગ– મન મૂરખ કયું દીવાના હૈ )

સુંદર મુખ શોભા પ્રેમભરી, હૃદયે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરખું પ્રભુ ધ્યાન ધરી.-ટેક. ચાતક મેઘ તણો જ પ્યાસી, ત્યમ મુજ આતુર ઉર ઝુરે, મુખ ગાન કરે, ઉર ધ્યાન કરે. સુંદર. ॥ ૧ ॥ સ્વાતિ જલને ગ્રહે માછલી, ઉજ્જવલ મોતી ત્યાં પ્રગટે, પ્રભુ સ્નેહજલે પ્રભુ ચરણ મળે. સુંદર. ॥ ૨ ॥ અર્બુદગિરિવાસી ઋષભ-જિન, પ્રતિમા અતિશય મનહારી, પ્રભુ સુખકારી, આનંદકારી. સુંદર. ॥ ૩ ॥ અંબિકા સ્હાયે વિમલ મંત્રીએ, મહામંદિર રચ્યું, ઉત્તમ ભક્તિ, પ્રભુ અનુરક્તિ. સુંદર. ॥ ૪ ॥ ભવ ભીડભંજન હે કૃપાલુ, અમી દૃષ્ટિ વર્ષાવોને, સુખ આપોને, દુઃખ કાપોને. સુંદર. ॥ ૫ ॥ **અજિત** પદવી દાતા જિનવર, બુદ્ધિ નિર્મળતા કરજો, **હેમેન્દ્ર** ગણો શિશુ આપ[illegible]. સુંદર. ॥ ૬ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમૌ મંડન સહસ્ત્રફણા

## પાર્શ્વનાથ સ્તવન.

( રાગ- બુલબુલ અમારૂં ઉડી ગયું )

મનહર પાર્શ્વ પ્રભુ સુખરાશિ, અલખ નિરંજન સ્વામી, શિર પર સહસ્ત્રફણા સુહાયે, શિવપુરના વિશ્રામી—ટેક. વિષય વિષધર વિષને હઠાવો, ભવસાગરથી પાર કરાવો, સુખકર આતમરામી. મનહર. ॥ ૧ ॥ મૂર્તિ નિરખી સુમતિ વિકાસી, ચિન્તામણિ સમ મુજને ભાસી, ભક્તિની પ્રીત જામી. મનહર. ॥ ૨ ॥ અશ્વસેન કુલ દિનકર પ્યારા, સમૌ ગામે સુખ કરનારા, નાખો ભવ દુઃખ શામી. મનહર. ॥ ૩ ॥ નાગને દવથી મુક્ત કરાવ્યો, પ્રેમ ધરી ધરણેન્દ્ર બનાવ્યો, કેવળ જ્ઞાની સુનામી. મનહર. ॥ ૪ ॥ આપો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજિત પદ હે ! અવિનાશી ! મુનિ હેમેન્દ્ર ચરણસુખ પ્યાસી, કૃતકૃત્ય થાઉં પામી. મનહર. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિ લક્ષ્મીસાગરજી કૃત.

## સ્તવનો.

### શ્રી કલ્યાણ પાર્શ્વનાથનું સ્તવન.

( રાગ-સાવન કે ન જારે હૅય. )

મુજ ચિત્ત અતિ હરખે-આ...હા... આ....હા, પ્રભુ ગુણ ગાવાને લ....લ....લ ....લ....લા; પ્રભુ પાર્શ્વને ભજવાને.... મુજ૦ ભજો પ્રભુને વારંવાર, વિસલનગર સ્થાને લ....લ....લ....લ....લા; પ્રભુ પાર્શ્વ જિનેશ્વરને....મુજ૦ કલ્યાણ પાર્શ્વ પ્રભુજી, અજરામર સ્વામી લ....લ ...લ....લ....લા; શિવપુરના વિશ્રામી....મુજ૦ ઉર ભક્તિનાં ઝરણાં, ભક્તિ સુખકારી લ....લ....લ....લ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra    Acharya Shri Kailassagarsuri Gyanmandir



લા; કરો ભક્તિ જિનેશ્વરની....મુજ૦
ભવસાગરને તરવા, જિનવરને સેવો લ....લ
....લ....લ....લા; મુક્તિપદ લેવાને....મુજ૦
**લક્ષ્મીસાગર** ચાહે, **અજિત** ચરણ સેવા
લ....લ....લ....લ....લા; શિવસુખ વરવાને
....મુજ૦

---

## આદિનાથનું સ્તવન.

( રાગ—આતો લાખેણી લજ્જા કહેવાય. )

આતો અલબેલી મૂરત સોહાય, આદિ જિનવરની; મૂર્તિ દેખીને આનંદ ઉભરાય, આદિ જિનવરની; આંગી પ્રભુની તે સુંદર દેખાય, આદિ જિનવરની.....આતો. ॥ ૧ ॥

પ્રભુ દેખીને શાંતિ આ દિલને મળે, એને

www.kobatirth.org    For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતાં તે ઇચ્છાને ભાવે ફળે; ભેટી અંત-
રમાં આનંદ ઉભરાય, આદિ જિનવરની....
આતે. ॥ ૨ ॥ અંગ અંગમાં જ્યોતિ દિવ્ય
પ્રગટી રહી, એના દર્શનથી ભક્તિ આ
નિર્મળ થઈ, **લક્ષ્મીસાગર** કહે સુખ થાય,
આદિ જિનવરની....આતો. ॥ ૩ ॥

---

## સાધારણ જિન સ્તીવન.

( રાગ—નાચો નાચો પ્યારે મન કે મોર. )

ગાઓ ગાઓ પ્યારે જિનરાજ,
મેરે શિરકે પ્રભુ શિર તાજ.—ગાઓ. ટેક.
તૃષ્ણાકા પ્રભુજી કરતા હય અંત,
ગાઓ સબ સંત, જ્ઞાની મહંત;
ભવિજનકા જિનવરજી કરતા હય કાજ—ગા. ૧
પ્રભુ શાસનકા ધન, હોતા પ્રસન્ન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીસકે દિલમે હય શાસનકી દાઝ;
ભવિજનકા જો હય પ્યારે મહારાજ—ગા. ૨
**અજિત** જ્ઞાની, સાચા સુકાની,
**શિવલક્ષ્મી** કેરા સાચા હય દાની;
રખો જીન દેવા! સેવકકી અબ લાજ—ગા. ૩

---

## સામાન્ય જિન સ્તવન.

( રાગ—ભણી ગણીને ભાષણ કરવા. )

ફરી ફરીને માનવ ભવમાં જન્મ મળ્યો ત્યારે
કે પ્રભુને કહો વીસરશે કોણ ?
આપ સમો જે સાથ મળ્યો તે ભૂલી જશો ત્યારે
કે ભવથી પાર તરશે કોણ ?

નાથ ! આપની સેવા કરવા, અડગ ટેક હમારી, તન મન ધનથી સેવા કરતાં, ગતિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધરે કંઇ મારી; સ્વામી વિણુ મુજ માન મહિનાં, બંધન તોડે કોણુ, કે પ્રભુને કહો વીસરશે કોણુ ?

ભવો ભવમાં તુજ શરણે રહેવા,
મન નિશ્ચય નિરધારી;
અંતરપટ મુજ ખોલી ઘટઘટ,
જ્ઞાની ચક્ષુ અજવાળી
**શિવ-લક્ષ્મી**ની સુખની વાંચ્છા, પુરી કરશે કોણુ ? કે પ્રભુને કહો વીસરશે કોણુ ?

---

## પાર્શ્વપ્રભુની સ્તુતિ.

( રાગ-નાગર વેલીયો રોપાવ. )

**કલ્યાણ પાર્શ્વ પ્રભુ સુખકાર,** નમવું તેને વારંવાર; પ્રભુની ભાવે ભકિત કરજો, શુભ ભકિતનો લ્હાવો લેજો, પાર્શ્વ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુનો મહિમા ગવાય–નમવું૦ થાશો ના મનથી ન્યારા, ભવ દુઃખ ભંજન છો પ્યારા, **વિસનગરમાં** લાગુ પાય–નમવું૦ ભક્તિ જિનવરની જાગી, સ્તુતિ કરવામાં ના ખામી, અંતર રોગો મહા કપાય–નમવું૦ ભક્તિ પાયે અમી ઝરણાં, જીવનની જાયે ભ્રમણા; **પ્રેમલ** જ્યોતિ જ્યોત દિપાય–નમવું૦ મારે આંગણે સુર તરુ ફળીયો, પુન્યોથી આવી મળીયો, કલ્પવૃક્ષની છાંય સોહાય-નમવું૦ પ્રભુ ભકિતતાને જાગી, વિધવિધ વિચારો ત્યાગી; પ્રભુ નીલ કાંતિ દેખાય–નમવું૦ **અજિત–લક્ષ્મીના** દુઃખડાં કાપો, ભવો ભવનાં સુખડાં આપો; કલ્યાણ પાર્શ્વ મુગટ સમાન–નમવું૦

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માણસા નેમિનાથનું સ્તવન.

(રાગ—રખિયાં બંધાવો ભૈયા)

નેમિ જિનેશ્વર અમને, શિવસુખ આપો રે—નેમિ૦ હરણાં પર પ્રિતિ ધારી, હેતે લીધાં ઉગારી, કરૂણાની વૃતિ ધારી; શિવ સુખ આપો રે—નેમિ૦ રાજુલને ત્હારી પહેલાં; વૈરાગી સઘળાં મેલાં, આવો ભક્તિમાં વહેલાં; શિવ સુખ આપો રે—નેમિ૦ ગિરનાર પર્વત ધામે, દિક્ષાધારી શુભ ઠામે વિહર્યાં વિધવિધ ગામે; શિવ સુખ આપો રે—નેમિ૦ માણસા ગામે નીરખ્યા, નીરખીને નયનો હરખ્યાં, પ્રેમામૃત ભવિને પાયાં; શિવ સુખ આપો રે—નેમિ૦ લક્ષ્મીસાગર ગુણ ગાયે, હેયે અજિતસૂરિ રાચે, વાણી, રસાળી ગાયે; શિવ સુખ આપો રે—નેમિ૦

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાધારણ જિન સ્તવન.

( રાગ– નારી આંખલડીના ઘાવ )

પ્રભુનાં દર્શન કરવા કાજ, આવો હરખી હરખીને; હૃદયમાં રાખી શ્રી જિન-રાજ, આવો હરખી હરખીને. સિંહાસન બેઠા ત્રિભુવન ભાણ, જો જો નિરખી નિર-ખીને, દીઠે હૈડાં હરખિત થાય, નમીએ હરખી હરખીને.

એ મૂર્તિ નયણે નિરખી, પામો આનંદ અપાર, જ્યોતિ જોતાં જીવન કેરી, ભવનો બેડો પાર. જગતમાં એક જ એ આધાર– લેજો સમજી સમજીને. મોહન મૂર્તિ છે સુખકાર, જોતાં હરખી હરખીને, પામો શિવ **લક્ષ્મી** ભંડાર, પૂજો પ્રણમી પ્રણ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીને, પ્રભુને ભાવે સૌ ભજનાર, સેવો હરખી હરખીને.

---

**"વાસુપૂજ્ય સ્વામીનું સ્વામી"** (વરસોડા)

( રાગ—આવો આવો અય મેરે સાધુ )

ગાઓ **પ્રેમે વસુપૂજ્યનંદન** સાચા સુખના વાસી, ॥ જ્ઞાન સુહાગી સર્વે ત્યાગી રાગી આત્મન્ દેવ, વંદન કરતાં પાપ હઠાવે, એવી આપની ટેવ-ગાઓ. ॥ ૧ ॥ માત જયાની કુંખ દીપાવી, જેઠ માસ વદ નોમ, જયજયકાર જગતમાં વર્ત્યો, આનંદ ભરતી ભોમ. ગાઓ. ॥ ૨ ॥ ફાગણ વદ ચૌદશને દિને, પ્રભૂતા પ્રૌઢ ગણાણી, પુષ્પોથી દેવોએ વધાવ્યા, વાત જગત વખણાણી. ગાઓ. ॥ ૩ ॥ યૌવનમાં વૈરાગ—

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિથી, જીવન દિવ્ય જગાવ્યું, રાજ્યપાટ સહુ ત્યાગ કરીને, શિવપદનું સુખ માગ્યું. ગાઓ. ॥ ૪ ॥ વિચરંતાં જડ જંગમ નમતાં, વૃક્ષો પુષ્પ ધરતાં, દિવ્ય મનોહર તેજ આપનું, સર્વે હૃદયે ધરતાં. ગાઓ. ॥ ૫ ॥ માઘ શુકલની બીજના દિને, કેવળ જ્ઞાન પ્રકાશ્યું, અષાડ માસ ને વદ ચૌદશમાં, નિર્વાણ–થાણું થાપ્યું. ગાઓ. ॥ ૬ ॥ પંચ કલ્યાણક તીર્થ ગણાયે, ચંપાપુર સદાય, **લક્ષ્મીસાગર** ભક્તિભાવે, ગુણ **અજીત**ના ગાય. ગાઓ. ॥ ૭ ॥

---

## જીનેશ્વરનું ધ્યાન.

( રાગ– ચલ ચલરે નવજવાન )

જિનવરનું ધ્યાન લગાવ, મારૂં કહ્યું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન માન, જિનવરનું ધ્યાન લગાવ.–ટેક. ટાળ માયા જાળ, શું કરે ત્યાં કાળ, સમજી સહુ ભાન, લગાવ એકતાન, મમતા ત્હારો ધર્મ નહિં, જિનવરનું લે તું નામ. જિન. ॥ ૧ ॥ સાગર તું તરીજા, ભક્તિ તું કરીજા, જીવનનું એજ ધ્યાન, તું મનથી સદા માન, શિવ **લક્ષ્મી** સાધ સદા, રટતો પ્રભુ નામ. જિન. ॥ ૨ ॥

---

## મહાવીર સ્વામીનું સ્તવન.

( રાગ– રખીયાં બંધાવો ભૈયા )

આવો અનેરા સ્વામી, શિવ ગતિ ગામી રે.॥ મહાવીર આપ છો મ્હારા, ચરણે પ્રણમું છું ત્હારા, રાગદ્વેષ આપે છોડયા, કર્મોથી ન્યારા રે. આવો. ॥ ૧ ॥ આપ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અણગારી અનેરા, ટાળો ભવ ભવના ફેરા, નામી છો આપ નગીના, ભ્રમણાઓ વામી રે. આવો. ॥ ૨ ॥ મનના માલીક છો મ્હારા, પ્રેમી પનોતા પ્યારા, ધારા છો કરૂણા કેરી, અંતર જામી રે. આવો. ॥ ૩ ॥ સજ્જન કેરા છો સંગી, અવિચલ આતમરંગી, અંગી કર્યા છે નામો, શિવસુખના કામી રે. આવો. ॥ ૪ ॥ **લક્ષ્મીસાગર** છે ત્હારો, દિલડામાં **અજિત** ધારો, આરો ન આપ વિના છે, અજર અનામી રે. આવો. ॥ ૫ ॥

---

## ચોવીસ તીર્થંકરનું સ્તવન.

( રાગ- મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા )

પહેલા રૂષભદેવ, બીજા અજિતનાથ, ત્રીજા સંભવનાથ દેવ રે, ચારિત્ર ધર્મની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાસના. ટેક. ॥ ચોથા અભિનંદન, પાંચમા સુમતિનાથ, છઠ્ઠા પદ્મ પ્રભુ દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૧ ॥ સાતમા સુપાર્શ્વ-નાથ, આઠમાશ્રી ચંદ્રપ્રભુ, નવમા સુવિધીનાથ દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૨ ॥ દશમા શીતળનાથ, અગીયારમા શ્રેયાંસ-નાથ, બારમા વાસુપૂજ્ય દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૩ ॥ તેરમા વિમળનાથ ચૌદમા અનંતનાથ, પંદરમા ધર્મનાથ દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૪ ॥ સોળમા શ્રી શાંતિનાથ, સતરમા કુન્થુનાથ, અઢારમા અરનાથ દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૫ ॥ ઓગણીસમા મલ્લીનાથ, વીસમા મુનિ સુવ્રતનાથ, એકવીસમા નમિનાથ દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૬ ॥ બાવી-સમા નેમિનાથ, ત્રેવીસમા પાર્શ્વનાથ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોવીસમા મહાવીર દેવ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૭ ॥ **લક્ષ્મીસાગર** નમે, ચોવીશ જીણુંદને, **અજિત**પદને કાજ રે, ચારિત્ર ધર્મની ઉપાસના. ॥ ૮ ॥

---

## શાંતિનાથનું સ્તવન.

( રાગ– મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા )

શ્રી શાંતિનાથ કેરી, મૂર્તિ સોહાવતી– ભક્તોને પૂર્ણ સુખ આપતી–**શાંતિનાથ મૂર્તિ સોહામણી.** ॥ ૧ ॥ નયનોમાં નૂર છે ને, શાંતિ મહા–ઉર છે, દુઃખીયાંના દુઃખ મહા કાપતી, શાંતિનાથ મૂર્તિ સોહામણી. ॥ ૨ ॥ શરણું જે લેશે તે તરશે સંસારથી, પાપરૂપ દુષ્ટને હઠાવતી,–શાંતિનાથ. ॥ ૩ ॥ ઉરની ગૂહાની માંહ્ય–માયાને અંધકાર,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂન્ય, તપ, તેજથી પ્રકાશતી. શાંતિનાથ.
॥ ૪ ॥ જ્ઞાનના ઉદ્યાનમાં, સામ્યભાવ લાવતી,
શાંતિ સુખ–વર્ષા વર્ષાવતી, શાંતિનાથ. ॥ ૫ ॥
**લક્ષ્મી–સાગર** પ્રભુ મૂર્તિ પ્રતાપથી,
જીવન રૂપ નૌકાને તારતી. શાંતિનાથ. ॥ ૬ ॥

---

## વીર વિભુનું સ્તવન.

( રાગ– ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં )

વ્હાલા વીર વિભુને વન્દુ ભાવથી,
વિબુધ વૃંદમાં વિચરતા જે (૨) ધીર ને
વીર ગંભીર–વ્હાલા વેલેરા વ્યાધિઓ વિદા-
રજો. વ્હાલા વીર. ॥ ૧ ॥ નાથ નામી છો,
નેહને નિભાવજો, પ્રેમી પનોતા પુરણ પ્યારા,
(૨) માલીક મ્હારા મુનીશ–વ્હાલા વીર.
॥ ૨ ॥ દુઃખ દરીયામાં ડૂબતો દયાળ છું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ અનેરા અંતરજામી, (૨) આપોને આરામ–વ્હાલા વીર. ॥ ૩ ॥ છેક ટેક એક ગૃહી સહી આપની, આપ વિના નથી આરો અમારો, (૨) આપજો ધૈર્ય જિનેશ ! વ્હાલા વીર. ॥ ૪ ॥ **અજિત** આપ કેરી આશ ખાસ દાસને, અંતરમાં છે એક અનોખી, (૨) **લક્ષ્મી**સાગર આધાર વ્હાલા વીર. ॥ ૫ ॥

---

## શાન્ત જિનવર.

( રાગ– સમજી જવાબદારી )

નયનો નિહાળુ સુંદર, શાન્ત સુરત સોહાય, નયનો નિહાળું. ॥ ૧ ॥ તુજ મુર્તિને લળી લળીને જોવા, અંતર અતિ ઉલ્લાસે, નિર્ગુણ નિરાકાર— નયનો નિહાળું સુંદર. ॥ ૨ ॥ કાલ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદિ ભવમાં ભમતાં, તુજ દર્શન હું પામ્યો, સુખકર શાસન સાર–નયનો નિહાળું સુંદર. ॥ ૩ ॥ આપ મલ્યા તો અમને તારો, આ ભવપાર ઉતારો, **લક્ષ્મીસાગર** આધાર નયનો નિહાળું સુંદર. ॥ ૪ ॥

---

## શીતળનાથનું સ્તવન.

( રાગ– લોટ ગઈ પાપન અંધિયારી )

જિન ભઇ, આતમ અધિકારી, શીતળ પ્રતિમા પાઇ હય........ કર્મ અરિની બાજીથી હઠ કર, સ્વાધીન સત્તા પાઇ હય... **શિતળ જિન**–પદાંબુજ કાંક્ષુ, બન્યો પ્રેમથી પારગ એહી હય.... પ્રશમ રસના ઝરણાં ઝરતાં, લોચનયુગ્મ સુખદાઇ હય........

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકસિત વદને —સમતા નિરખું, અંતર જ્યોતિ છાઈ હુય........ **લક્ષ્મીસાગર** શીતલ **જિનજી** અનુપમ શિવસુખ દાયી હુય.

---

## શાંતિનાથનું સ્તવન.

( રાગ- અખેલડા શાના લીધા છે )

પ્રેમે પૂજૂ પાય પ્યારા, હો દેવ? શાંતિનાથ પ્યારા૦ સ્થાપો તમારી પાસમાં પ્રભુજી, આવ્યો, છું રાખી આશ–હો દેવ— શાંતિનાથ પ્યારા૦ મૂર્તિ તમારી નિરખતાં રે, આનંદ અધિક ઉભરાય–હો દેવ–શાંતિ- નાથ પ્યારા૦ **વિસલનગરે શાંતિનાથ સોહે**, મંદિર ભવ્ય સોહાય–હો દેવ— શાંતિનાથ પ્યારા૦ જગતપતિને સેવીએ તો, ભવનાં પાતક જાય–હો દેવ–શાંતિનાથ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્યારા૦ ભટકી ભવોભવ શરણે તમારે,
આવ્યો પ્રભુજી દ્વાર–હો દેવ–શાંતિનાથ
પ્યારા૦ હે ભવતારક ! દુર્ગતિટાળક, મારી
વિનતીને ઉરધાર–હો દેવ–શાંતિનાથ
પ્યારા૦ કર્મ ઇંધિનને ભસ્મ કરીને,
મુકત થયા જગનાથ–હો દેવ–શાંતિનાથ
પ્યારા૦ નેહ નજર કરી તારો સેવકને,
આપોને **શિવલક્ષ્મી** સાર–હો દેવ—
શાંતિનાથ પ્યારા૦

---

## મહાવીર સ્તવન.

( રાગ–મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા )

દીઠી મહાવીર તારી, મૂર્ત્તિ મનોહર,
અંતરમાં આનંદ છવાય રે, અલબેલા
આતમ ઉદ્ધારજો. ટેક. શાસનપતિ જય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રિશલાનંદન, દર્શન આપો સુખકાર રે. અલબેલા આતમ ઉદ્ધારજો. આંગી અનુપમ, દેખી પ્રભુની, જીવન જ્યોત ઝળકાય રે. અલબેલા આતમ ઉદ્ધારજો. ડગલે ને પગલે, ગુણો તમારા, રટતો હૃદય મોઝાર રે. અલબેલા આતમ ઉદ્ધારજો. દર્શન પામ્યો ને ધર્મ રંગ જામ્યો, **લક્ષ્મી સાગર** સુખકાર રે. અલબેલા આતમ ઉદ્ધારજો.

---

## સામાન્ય જિન સ્તવન.

( રાગ– પીયા મીલન કો જાના )

પ્યારે પ્રભુકો ગાના. હાં..આ.આ.. ટેક. સુખકે કાજ, સજકે સાજ, પ્રભુકા ગાન ગજાના–પ્યારે. ।। ૧ ।। જુઠી હૈ કાયા માયા, કાહે દિવાના ભયા, જિનજી સાચા ઠિકાના,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉસકો હી પ્યારે પાના. પ્યારે.. ॥ ૨ ॥ દુનિયાકો છોડ દે, પ્રભુમેં મન જોડ દે, ધીરે ધીરે, ખુલે ખુલે, મુકિતકા ખજાના. પ્યારે. ॥ ૩ ॥ ભજો ભજો એક સાથ, પ્રેમ સાથ જગકે નાથ, સ્હેજે મિલે શિવ લક્ષ્મી રાજ, **અજિત** વહ ઠિકાના. પ્યારે. ॥ ૪ ॥

---

## તારંગા તીર્થ
## અજિતનાથનું સ્તવન.

( સિદ્ધાચલનાવાસી જીનને એ રાગ )

**તારંગા** શુભ ધામ, ભવિને હર્ષ અપાર, **અજિત** પ્રભુનો વાસ, ભવિને હર્ષ અપાર. ટેક. અજિતનાથ મહારાજ બિરાજ્યા, જિનમંદિરમાં દર્શન આપ્યાં, અજિત જિનને ભેટાય. ભવિને હર્ષ અપાર–તારંગા.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૧ ॥ કુમારપાળે જિનાલય બાંધ્યું, જીર્ણો-દ્ધારે ધન ખર્ચાયું, સંવત સોળ શ્રીકાર. ભવિને હર્ષ અપાર–તારંગા. ॥ ૨ ॥ સિદ્ધ-શીલા બે દહેરી શોભે, કોટી શીલા બે દહેરી ઓપે, શ્વેતામ્બર મનહાર. ભવિને હર્ષ અપાર–તારંગા. ॥ ૩ ॥ જિન પ્રતિ-માઓ શોભે સારી, ગુફાઓ ત્યાં સુંદર ભાળી, ભવ્ય તીર્થ દેખાય. ભવિને હર્ષ અપાર–તારંગા. ॥ ૪ ॥ ભવિજનો આનંદે આવે, ભકિતનો ખુબ રંગ જામે, ભકિતનો નહિં પાર. ભવિને હર્ષ અપાર–તારંગા. ॥ ૫ ॥ ગુર્જર ભુમિનું તીર્થ અનેરૂં, **અજિતનાથ**ને બે કર જોડું, **લક્ષ્મીસાગર** ગુણ ગાય. ભવિને હર્ષ અપાર–તારંગા. ॥ ૬ ॥

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પા ન સ ર

## મહાવીર-સ્તવન.

( રાગ- કાલી કમલેવાલે તુમ પે લાખો પ્રણામ )

મહાવીર તારણહાર, પ્રભુજી લાખો પ્રણામ. (૨) ટેક. આત્મધ્યાનની મસ્તિ જગાવી, અહિંસા કેરી ધૂન મચાવી, પ્રભુજી તારણહાર. પ્રભુજી લાખો પ્રણામ. ॥ ૧ ॥ સાગર જેવી સમતા ધારી, મેરૂ જેવી અવિચલ ચારી, ક્ષમા તણા ભંડાર. પ્રભુજી લાખો પ્રણામ. ॥ ૨ ॥ ક્રોધ માયાને દૂર હઠાવી, મોહરાયને જડથી કાઢી, થયા પ્રભુ વીતરાગ. પ્રભુજી લાખો પ્રણામ. ॥ ૩ ॥ વિશ્વ રૂણી છે વીર ! તમારૂં, **તીર્થ પાનસર** લાગે પ્યારૂં, ધન્ય વીર અવતાર. પ્રભુજી લાખો પ્રણામ. ॥ ૪ ॥ **અજિત-લક્ષ્મીની**

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરજ સ્વીકારો, ભવજળસાગર પાર ઉતારો, શિવ સુખના દાતાર. પ્રભુજી લાખો પ્રણામ. ॥ ૫ ॥

---

## પાં તિ જ
## ધર્મનાથનું સ્તવન.

( રાગ- મથુરામાં ખેલખેલી આવ્યા )

ધ્યાન **ધર્મનાથકા** **ધરૂં**-હો નાથ-ધર્મનાથ પ્યારા. ટેક પ્રીતિ પ્રભુકી ધરી ચિત્ત અંદર, એક તુંહિ તુંહિ કરૂં. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૧ ॥ જગકે મૂલ ભૂલ ચેતનકી, રાગાદિક અરિ પરિહરૂં. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૨ ॥ રત્નત્રયી ગુણ નિર્મળ કરકે, દુર્ગતિ દુઃખમેં ન પડું. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૩ ॥ જિનવર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામકો ધ્યાનમેં મેં ધારૂં, ધ્યાનસેં પ્રભુકો વરૂં. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૪ ॥ **પ્રાંતિજ** નગરે ધર્મ જિણંદજી, ધીરતા ધર્મમેં ધરૂં. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૫ ॥ **લક્ષ્મીસાગર**કા સ્વામી કૃપાકર, મુકિતકાપદકો વરૂં. હો નાથ ધર્મનાથ પ્યારા. ॥ ૬ ॥

---

## નેમ–રાજુલનો સંવાદ.

( લેશો નિસાસા પરણેતરના એ રાગ )

રાજુલ— આવ્યા પરણવા પાછા ન જાઓ, વિનવું વ્હાલા નેમ, સ્વામી પાછા વળો, વાટ જોતી હું ગોખે બેસીને, પાછા વળીયા કેમ ? અરજી દીલમાં ધરો. ટેક. જાન જોડીને આવ્યા છો સ્વામી, રથમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેસી નાથ. સ્વામી પાછા વળો. ॥ ૧ ॥
માતા પિતાના મનોરથોને, પૂરાને ઝાલી
હાથ, અરજી દીલમાં ધરો. ॥ ૨ ॥ નેમિ-
આવ્યો પરણવા હૈયું ન હરખે, પામ્યો છું
હૈયે વૈરાગ્ય, રાજુલ શાંતિ ધરો. ॥ ૩ ॥
વચન વડીલનું પાળીને આવતાં, સુણ્યો
પશુ પોકાર, રાજુલ શાંતિ ધરો. ॥ ૪ ॥
રાજુલ-નારી વિનાનું જીવન નકામું, સમજો
છો સુજાણ. સ્વામી. ॥ ૫ ॥ સદ્‌ગુણી આવી
નારી મળેને, તજો છો શાને પ્રાણ? અરજી.
॥ ૬ ॥ નેમિ—માયાને જુઠી જાણી જગ-
તની, જુઠો આ સંસાર, રાજુલ શાંતિ ધરો.
॥ ૭ ॥ સાચો જો હૈડે પ્રેમ ધરો તો, મળો
આવી શિવધામ. રાજુલ શાંતિ ધરો.
॥ ૮ ॥ આઠે ભવો જેમ, નવમે ભવે પણ,
પ્રીત્તિ છે સારી પેર. રાજુલ શાંતિ ધરો.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૯ ॥ સંયમ લઇને આત્મહિત સાધ્યું,
**લક્ષ્મીસાગર** જિનરાજ–અરજી. ॥ ૧૦ ॥

---

## પર્યુષણ પર્વ–મહોત્સવ.

( આતો લાખેણી આંગી કહેવાય એ રાગ )

**પર્વ પર્યુષણા મંડાય,** આવ્યાં પર્યુષણ. ધર્મ કાર્યો નિશદિન થાય. આવ્યાં પર્યુષણ–ટેક. આઠ દિવસ પુન્યના સુખકારી, જીવ દયા જૈનોએ ખુબ પાળી, ધર્મમાં પ્રીતિ સદા જોડાય. આવ્યાં પર્યુષણ. ॥ ૧ ॥ ગુરૂ વંદન અને પચ્ચખાણો કરી, તપ જપ આદરી પાપ ધોઇ, ભવ્ય જનોનાં મનડાં હરખાય. આવ્યા પર્યુષણ. ॥ ૨ ॥ પૂજા સત્તર ભેદી ભાવે ભણો, આઠે દિવસ મંગલ ગીતને ગાઓ, બોધ આત્માનો સાચો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવાય. આવ્યા પર્યુષણ. ॥૩॥ રાગદ્વેષને તજી ઉપાશ્રયે આવો, ગુરૂ મુખેથી શુભ કલ્પસૂત્ર સુણો, ગુરૂવાણી શાંતિથી સંભળાય. આવ્યા પર્યુષણ. ॥ ૪ ॥ આપો ક્ષમા પરસ્પર આત્મા પ્રત્યે, શુદ્ધ સમભાવ વર્તન ભવિ સૌ કરે, પર્વ કેરો મહોત્સવ ઉજવાય. આવ્યા પર્યુષણ. ॥ ૫ ॥ શુભ કલ્પસૂત્ર શ્રવણે ધરી, એક ચિત્તેથી સુણીને પાપો હરી, નવ વ્યાખ્યાને પુણ્યને પમાય. આવ્યા પર્યુષણ. ॥ ૬ ॥ વડાકલ્પનો છઠ્ઠ તપ કરી, બ્રહ્મચર્ય શીલને ગ્રહણ કરી, છઠ્ઠ અઠ્ઠમ તપશ્ચર્યા થાય, આવ્યા પર્યુષણ. ॥ ૭ ॥ સર્વ પર્યુષણા જૈનો ઉજવે, તપ કરી આત્મા નિર્મળ થાયે, પર્વો મહિમાથી ઉત્તમ ગવાય. આવ્યા પર્યુષણ ॥ ૮ ॥ જન્મ મહોત્સવ વીર વિભુનો થાયે, ગીત ભવ્યો મધુરા પ્રભુના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાયે, **લક્ષ્મીસાગર** ખુબ હરખાય. આવ્યા પર્યુષણ. ॥ ૯ ॥

---

## " મનુજ ભવ સફળ કરી લ્યો "

( મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા એ રાગ )

બેઠા છો કેમ તમે નવરા થઈને—નિંદા કરો ન લગાર રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૧ ॥ પ્રભુના ધ્યાનમાં ભજનની ધૂનમાં, સંસારી કાર્ય કરો ત્યાગ રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૨ ॥ કર્યા છે ધંધા દ્રવ્યને ગુમાવી, કીધો ન પુણ્યનો વિવેક રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૩ ॥ ક્ષમાને નમ્રતા હેતે સ્વીકારો, એળે ન કાઢો અવતાર રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૪ ॥ સિનેમા નાટકો અંધ થઈ જોયાં,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુકયા છો ધર્મનો પંથ રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૫ ॥ બંધાવ્યા મ્હેલને બાગને વસાવ્યા, દીધાં ન દીનને દાન રે. મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૬ ॥ મોજ કેશં સાધનોમાં માનવતા ભૂલ્યા, પામ્યા ન ધર્મ કાર્ય મર્મ રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૭ ॥ ધર્મના જહાજમાં બેસી ભવિજન ! પામો ગુરૂજી સુકાન રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૮ ॥ બુદ્ધિને જોડો ધર્મના સુપંથમાં, **લક્ષ્મીસાગરને** પમાય રે, મનુજ ભવ સફળ કરી લ્યો. ॥ ૯ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીવાલી સ્તવન.

( રાગ– દીવાલી ફીર આ ગઈ સજની )

દીવાલી જિનદેવની ઉજવો હાં હાં જ્ઞાન દીપક પ્રગટાવી–દીવાલી. ટેક. મહાવીર પ્રભુ નિર્વાણ પધાર્યા, અંતિમ બોધને આપી, ભાવોદ્યોત મેળવવા માટે, શુભ વૃત્તિ ઉર સ્થાપી, દીપક જ્યોતિ–ઘર ઘર પ્રગટી, મહાવીર નામ ગજાવો. દીવાલી. ॥ ૧ ॥ કેવળજ્ઞાને ગૌતમ શોભ્યા, પ્રભાત કેરા ટાણે, પ્રભુપદ સ્થાને ઇન્દ્રો સ્થાપે, દીપાવલી શુભ લ્હાણે, પાવાપુરી, મહિમાવન્તી, તીર્થ ભૂમિ એ મનાવો. દીવાલી. ॥ ૨ ॥ ઉત્તમ એ દિન ઉજવો ભાવે, ઉજ્જવલ વૃત્તિ ધારી, **અજિત** જિનેશ્વર કેરાં સ્મરણો, ભવિજનને સુખકારી, **લક્ષ્મી**

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાગર** જ્ઞાન-પિપાસુ, લેજો ભવિ દિવ્ય લ્હાવો. દીવાલી. ॥ ૩ ॥

---

## સંભવનાથ-સ્તવન.

( રાગ- શીતળ છે ને દાહક પણ છે )

મંગલ દર્શન **સંભવ** જિનનાં-પ્રેમલ ઉર અમારાં, અંતરયામી છો શુભ નામી, પ્રભુ ચરણો અતિ પ્યારાં. મંગલ. ॥ ૧ ॥ શરણ વસું દિન રાત તમારા, શિવ પુર ધામને આપો, અમ ઉરમાં વાસ કરો પ્રભુજી, જન્મ મરણ દુઃખ કાપો, **લક્ષ્મી સાગર-અજિત**પદને ચાહે જિનજી પ્યારા, મંગલ. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહેસાણા-મંડન આદિનાથ-સ્તવન.

( સમજી જવાબદારી......રાગ )

આદિ જિણંદ સ્વામી....ભવજલ તારણહાર........આદિ-ટેક. પ્રશમ નેત્ર યુગલ દુઃખહારક, ઉરમાં શાન્તિ સ્થાપે, મૂર્તિ મન હરનાર....આદિ. ॥ ૧ ॥ સુખ ને સંપતિદાયક સુંદર, જ્ઞાન મંજરી જેવી, દર્શન દિવ્ય અપાર....આદિ. ॥ ૨ ॥ વિશ્વ ઋદ્ધિ-દાયક એ મનહર, મોહ રિપુ હરનારી, ભાવે કરે ભવપાર....આદિ. ॥ ૩ ॥ મહેસાણામાં ભવ્ય બિરાજે, ઋષભમૂર્તિ સુખ-કારી, **અજિત બુદ્ધિ** દાતાર....આદિ. ॥ ૪ ॥ પ્રથમ ધર્મચક્રી જિનદેવા, **મુનિ હેમેન્દ્ર**ના સ્વામી, કરજો શિશુ ઉદ્ધાર.... આદિ. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિસનગર-મંડન કલ્યાણ-પાર્શ્વનાથ સ્તવન.

( રાગ– દીવાલી ફીર આ ગઈ સજની )

પ્રેમાબ્ધિ પ્રભુ પાર્શ્વ વીતરાગી... હાં હાં. જ્ઞાનની બંસી વાગી.... પ્રેમાબ્ધિ. ટેક. ।। અલખ નિરંજન, નિર્મલ નિરૂપમ, અગમ અગોચર, સ્વામી; મંગલકારી મૂર્તિ સુંદર, જિનવર ! શિવપુર-ધામી, ગુણગણસાગર, જ્ઞાન ઉજાગર, પ્રીતિ અનુપમ જાગી–પ્રેમાબ્ધિ. ।। ૧ ।। નાગ ઉગાર્યો નવકારેથી, શુભ ધરણેન્દ્ર બનાવ્યો, સુર તરુ સમ તુજ શરણું, જાણી જિનવર ! શરણે આવ્યો, પ્રમોદ પ્રગટે પ્રતિપળ સ્મરણે, સુરતા અલૌકિક લાગી–પ્રેમાબ્ધિ. ।। ૨ ।। જયવન્તી કીર્તિ પ્રસરાવી, વિસલનગરના-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસી, **અજિત** પ્રભાવ ભર્યા શુચિ શેભે, અદ્ભુત જ્ઞાનના રાશિ, **મુનિ હેમેન્દ્ર** ચરણુ સુખ પ્યાસી, **કલ્યાણ પાર્શ્વ** સુભાગી–પ્રેમાબ્ધિ. ॥ ૩ ॥

---

## વિસનગર–મંડન અનંતનાથ–સ્તવન.

( રાગ– સાવનકે નજારે હૈ ય... )

મોહક મૂર્તિ ભાળી....આહા ! આહા ! અનંત જિનવરની....લ...લ...લ...લ..લા. શુભ જ્યોતિ ઉરે જાગી....ટેક. મોહક. હા....આ....આ...**વિસલનગર** ધામે, શોભે અવિનાશીલ.લ.લ..લ..લ..લ..લા. દુઃખહારક વીતરાગી....મોહક. ॥ ૧ ॥ પ્રભુ પ્રીતિ દૃઢ જામી, ઉર બંસી તાને....લ..લ..લ..લ..લા. શમે પાપો પ્રભુ ગાને....મોહક. ॥ ૨ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હા....આ...આ...રંગ મજીઠ જેવો, તુજ મુજ પ્રીતિનો લ..લ..લ..લ..લ..લ..લા.. શુચિ શાસન–નીતિનો....મોહક. ॥ ૩ ॥ તુજ દર્શન વંદનમાં, પૂર્ણ પ્રમોદ ધરૂં, ભવ-સાગર પાર તરૂં....મોહક. ॥ ૪ ॥ હા....આ....આ....**અજિત** પ્રભુ વાણી, અખંડ સુખ આપે લ..લ..લ..લ..લ....લ..લા. મુનિ હેમેન્દ્ર ઉર વ્યાપે....મોહક. ॥ ૫ ॥

---

## વિસનગર–મંડન શાન્તિનાથ–સ્તવન.

( ભૂલવા મને કહો છો, સ્મરણો ભૂલાય કયાંથી ? )

મૂર્તિ તમારી નિરખી, શાન્તિ જિણંદ સ્વામી, અંતર રહ્યું છે હરખી, વૃત્તિ બધી વિરામી–ટેક. આનંદ કેરો સાગર ઉછળે ઉમંગધારી, તલ્લીન આત્મ હર્ષે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનદેવ ! શ્રિઅંચનામી– મૂર્તિ. ॥ ૧ ॥ શય્યંભવે નિહાળી મૂર્તિ તમારી સુંદર, સંસારબંધ ત્યાગી, હરખ્યા જિણંદ પામી– મૂર્તિ. ॥ ૨ ॥ દઢભાવી એક વચની, પારે-વાને ઉગાર્યો, નૃપ મેઘરથ પ્રતાપી, જગમાં થયો સુનામી–મૂર્તિ. ॥ ૩ ॥ અચિરા તણા હે નંદન ! **વિસલનગર** નિવાસી, શુભ વિશ્વ શાન્તિ સ્થાપો, હરો દુઃખ પૂર્ણ– કામી–મૂર્તિ. ॥ ૪ ॥ મૃગલાંચ્છને સુહંતા, સુવર્ણ કાન્તિ ધારી, હેમેન્દ્રને ઉદ્ધારો, જિનજી **અજિત ધામી**–મૂતિ. ॥ ૫ ॥

---

## સુમતિનાથ–સ્તવન.

( ભૂલવા મને કહો છો, સ્મરણો ભૂલાય ક્યાંથી ? )

સુમતિ પ્રભુ સુભાગી, સુમતિ સદાય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપો, નયનો નિહાળી રીઝે, શિવધામ સ્થિર સ્થાપો—ટેક. મૂર્તિ નિહાળી સુંદર અંતર અતીવ હરખે, ઉરના સિંહાસને પણ શુભ દિવ્ય ચક્ષુ નિરખે—સુમતિ. ॥ ૧ ॥ તારા મિલનને માનું ચિન્તામણિના જેવું, અતિ અલ્પ હું કથીર સમ, સમકિત હેમ સરખું—સુમતિ. ॥ ૨ ॥ અમૃત સિંચનેથી અંતર-કુમુદ વિકસે, ઔષધિનાથ જેવું નિર્દોષ હાસ્ય વિલસે—સુમતિ. ॥ ૩ ॥ તૃષ્ણા તૃષા સમાઇ, ભવતાપ નાશ પામે, સહકાર-કોકિલા સમ પ્રીતિ અમૂલ્ય જામે—સુમતિ. ॥ ૪ ॥ સંસાર અંધકારે, દીપક સમા પ્રકાશ્યા, ચિદ્‌ઘન પ્રમોદ સ્વરૂપી ! ભવિ દર્શને ઉલ્લાસ્યા—સુમતિ. ॥ ૫ ॥ વિજયી **અજિત** જગમાં જયવન્તી કીર્તિ ગાજે, ઉરમંદિરે અનુપમ, મૂર્તિ સદા વિરાજે—સુમતિ. ॥ ૬ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના પ્રેમરવની મધુ બંસી ઉર વાગી,
હેમેન્દ્ર કેરા ચિત્તે, સુમતિની ધૂન જાગી–
સુમતિ. ॥ ૭ ॥

---

## પામોલ—શાંતિનાથ–સ્તવન.

( રાગ– નાગર વેલીઓ રોપાવ )

ગાજે જગમાં જય જયકાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ, પામ્યો દર્શન દિવ્ય અપાર, સ્થાપો વિશ્વે શાંતિરાજ–ગાજે. અચિરા નંદન દર્શનથી, મૃગલાંચ્છનના સ્પર્શનથી, મારાં ઉઘડયાં આત્મદ્વાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ. ॥ ૧ ॥ પામોલ ધામે મૂર્તિ સોહે, નિરખી ભવિજનનાં મન મોહે, થાયે ભક્તિથી ભવપાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ. ॥ ૨ ॥ લાખો વંદન તારા ચરણે, આવ્યો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનવર ! ત્હારા શરણે, મારો સફળ કરો અવતાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ. ॥ ૩ ॥ લગની તારી સાચી લાગી, મીઠી જ્ઞાનની બંસી વાગી, મારા જીવનના આધાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ. ॥ ૪ ॥ જગમાં શુભ શાન્તિ સ્થાપો, પ્રેમે **અજિત** પદવી આપો, મુનિ હેમેન્દ્રના દાતાર, શાંતિનાથ પ્રભુ જિનરાજ. ॥ ૫ ॥

---

## હેમચન્દ્ર.

( રાગ— મેહુલો ગાજે ને માધવ નાચે... )

શાસનના આભલે પૂર્ણિમા ખીલી, અમૃતમય હેમચન્દ્ર શોભા ધરે, પંડિતના વૃન્દ સમા ટમકંતા તારલા, ધરણી અનુપમ કુંદડી ફરે-શાસન. ॥ ૧ ॥ કાવ્ય-ગ્રન્થ-ચન્દ્રિકા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચમકે રૂપાળી, શીતળતા સજ્જનોનાં હૃદયો ધરે, સાહિત્ય સરોવરે ખીલ્યાં કુમુદો, ભવિજન ચકોર રમ્ય ગાનો કરે–શાસન. ॥ ૨ ॥ ઔષધિમાં હેમચન્દ્ર અમૃત છાંટે, મુમુક્ષુના ભવતાપને હરે, કાર્તિક પૂર્ણિમા શી શોભે રસાળી, દેવબાલ બાલિકાઓ રાસે રમે–શાસન. ॥ ૩ ॥ સર્વજ્ઞ સાગરના સુધામય પૂંજથી, અહિંસા, સત્ય, ક્ષમા, શીલ નિર્ઝરે; એવાં અમૃત ભર્યાં સ્મિતને વહાવી, વિશ્વ સર્વ હેમચન્દ્ર હર્ષે ભરે–શાસન. ॥ ૪ ॥ ચોરાશી પૂર્ણિમાઓ અજવાળી સુંદર, **અજિત** અમરપદ પ્રાપ્તિ કરે, જયવન્તી કીર્તિ પ્રસરી આ વિશ્વમાં, હેમેન્દ્ર સર્વ દિવ્ય સ્મરણો સ્મરે–શાસન. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સત્ય-સ્વરૂપ.

( રાગ-મારા તે બાગમાં વાગ્યો ડોલરીયો )
( ભીમપલાસ-હીંચ )

માનવની વૃત્તિઓ પલટાયે શાને ? બદલાયે દીલડું કે બદલાયે મન ? -ટેક. કો'ને ગમે રૂડી પાંદડી ગુલાબની, કો'ને ડોલાવે ડોલરનું ડોલન-માનવ. ॥ ૧ ॥ સૂર્યપ્રભામાં મનડું કો'ધારે, ચન્દ્રપ્રભાની લાગે કો'ને લગન-માનવ. ॥ ૨ ॥ તારલાના ચમકારે ચમકે કો' ચિત્તે, ચન્દ્રપ્રભાનાં કો' આંજે અંજન-માનવ. ॥ ૩ ॥ કમલના રૂપે ભ્રમરો ગુંજંતા, સવિતા નિહાળી શાને ખીલે વદન ? -માનવ. ॥ ૪ ॥ અવિદ્યા કેરૂં વેષ્ટન ટળે તો, આત્માનાં થાયે સાચાં દર્શન-માનવ. ॥ ૫ ॥ મનનો ને ચિત્તનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પલટો સૌ જુઠાં, સમતાનું થાયે જો સાચું સ્પર્શન–માનવ. ॥ ૬ ॥ શાસ્ત્રે પ્રવીણ હો કે હોયે નિરક્ષર, પ્રભુ કૃપા એજ સાચું કુન્દન માનવ. ॥ ૭ ॥ **અજિત** બંસી આત્માની વાગતાં, હેમેન્દ્ર પામે મુક્તિ સદન--માનવ. ૮

---

## પ્રભુજી ભૂલાય શાને ?

( ભૂલવા મને કહો છો સ્મરણો ભૂલાય ક્યાંથી ? )

માયાના અંધકારે પ્રભુજી ભૂલાય શાને ? મિથ્યા વિલાસ ભાળી ભક્તિ ભૂલાય શાને ? –ટેક. સંસાર રંગ ખોટા, જલના તરંગ જેવા, એમાં મઝા નિહાળી પ્રભુજી ભૂલાય શાને ? માયા. ॥ ૧ ॥ ધન વૈભવો ન સાથી, સત્કર્મ ભાથું બાંધો, ધન લાલચે ફસાઇ, પ્રભુજી ભૂલાય શાને ?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયા. ॥ ૨ ॥ રત્નત્રયીને પામો, વૈભવ પ્રમોદ સાચો, વીતરાગ આત્મરાગી, પ્રભુજી ભૂલાય શાને ? માયા. ॥ ૩ ॥ યૌવનની મસ્તી માનો નભ વાદળોના જેવી, અધ્યાત્મ જ્ઞાનરાગી પ્રભુજી ભૂલાય શાને ? માયા. ॥ ૪ ॥ વ્યાપી **અજિત** કીર્તિ જયવન્તી જેની વિશ્વે, હેમેન્દ્ર વિશ્વપ્રેમી, પ્રભુજી ભૂલાય શાને ? માયા. ॥ ૫ ॥

## શ્રી મહાવીર પ્રાર્થના.

( રાગ- કલ્યાણ )

વંદન જિનવર મહાવીરને, ત્રિશલાનંદન બલધીરને....વંદન૦ વિશ્વપ્રેમ શિખવ્યો માનવને, પ્રભુ ચરણે ધરીએ શિરને.... વંદન૦ ॥ ૧ ॥ નિજ રૂપે સૌ પ્રાણી માન્યા,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોડી માયા જંજીરને....વંદન૦ ॥ ૨ ॥ મુનિ **હેમેન્દ્ર અજિત** પદ ધ્યાસી, શરણે શિશુ રાખો અધીરને....વંદન૦ ॥ ૩ ॥

---

## નવપદ-સ્તવન.

( રાગ- ચલ ચલ રે નવજવાન )

નવપદનું ધરૂં ધ્યાન, મંજુલ રવે ગજાવું ગાન, ટેક. સિદ્ધચક્ર સાર મહિમા ધરે અપાર, સુર કિન્નરો ગુણ ગાય, અમૃત અધે ઉભરાય, ચન્દ્ર-કુમુદ લગની જેમ પામું ધર્મભાન....નવપદ૦ ॥ ૧ ॥ નવપદ ભજે શ્રીપાલ, શુભ પદ વરે ભૂપાલ, દુઃખ-રોગ દૂર જાય, હર્ષાબ્ધિમાં ઝીલાય, **અજિત**પદને પામવા, **હેમેન્દ્ર** છે ગુલતાન..નવપદ૦ ॥ ૨ ॥

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૬૧ )

## સામાન્ય જિન-સ્તવન.

( રાગ— નાચો નાચો પ્યારે મનકે મોર )

આવો આવો હૈયામાં જિનરાજ,
પ્રભુ તારો ભવિને ભવપાર—આવો. ટેક.
રોમે રોમે આજ પ્રગટે પ્રકાશ, ઉજ્જવલ
ઉલ્લાસ, હે અવિનાશ ! આત્માની બંસીનો
ગુંજે અવાજ—આવો. ॥ ૧ ॥ થયો કુમતિ
વિનાશ, પામ્યો સુમતિનો વાસ, છુટયાં
ભવનાં બંધન દુઃખકાર, દર્શન પામું સુખ-
કારી શિરતાજ—આવો. ॥ ૨ ॥ **અજિત**
ધામે સ્થાપો વિરાગી ! અમૃતમય દૃષ્ટિથી
બુદ્ધિ શુભ જાગી, હેમેન્દ્રના ભવતારક મહા-
રાજ—આવો. ॥ ૩ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મહાવીર–આગમન.

( રાગ– વસંત આવી ફુલડાં લાવી )

અનંતગુણુના સ્વામી જિનવર, પ્રભુ મહાવીર પધાર્યા ભુમિ પર–ટેક. ॥ પ્રપંચ ભૂલ્યાં માનવ પ્રાણી, નિર્મલ ભાવે ઉચરે વાણી, ઉછળ્યો શાંત સુધારસસાગર–અનંત. ॥ ૧ ॥ મહાવીર દેવ જગતને ભાવ્યા, દુર્ગુણ દોષો દૂર હઠાવ્યા, ઉત્સવ ઉજવે માનવ ઘર ઘર–અનંત. ॥ ૨ ॥ ષડ્ ઋતુઓ સમકાળે ખીલે, આત્માનંદે જગ સૌ ઝીલે, પૃથ્વી શોભે અતિશય સુંદર–અનંત. ॥ ૩ ॥ માલકોષ ગર્જન ઉપદેશે, શોભે પ્રભુ ઉત્તમ શુચિ વેશે, ચરણે નમતા સુર નર કિન્નર–અનંત. ॥ ૪ ॥ કેવળજ્ઞાની **અજિત** પ્રભાવે, બુદ્ધિસાગર પ્રભુ ઉર આવે, મુનિ હેમેન્દ્ર રટંત નિરંતર–અનંત. ॥ ૫ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીપોત્સવી.

( આતો લાખેણી લજ્જા કહેવાય )

જ્ઞાન દીપકથી હૈયું અજવાળ, આવી દિવાળી. વીર–સ્મરણે અંધારુ તુજ ટાળ, આવી દિવાળી. ॥ ટેક ॥ દેવ માનવ ભાવે જેના ચરણે નમે, એવા મહાવીર પ્રભુજી કોને ના ગમે ? તેના સ્મરણે કર્મો તારાં બાળ, આવી દિવાળી. જ્ઞાન. ॥ ૧ ॥ પ્રતિ ગૃહે દીપક કેરી જ્યોતિ જલે, હર્ષનાદો રૂડા સર્વસ્થાને મળે, દીપે દીપે મહાવીર ભાળ, આવી દિવાળી. જ્ઞાન. ॥ ૨ ॥ પાવાપુરી–દીપોત્સવને હૈયે સ્મરો, જ્ઞાની ગૌતમની લબ્ધિ ભવિ સૌ વરો, વીર કેરી આજ્ઞાઓને પાળ, આવી દિવાળી. જ્ઞાન. ॥ ૩ ॥ દેવ સ્વર્ગે દીપોત્સવ હોંશે ઉજવે, વીર ગીતો ભૂમિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર માનવ ગજવે, પ્રભુ મહાવીરમાં વૃત્તિ વાળ, આવી દીવાળી. જ્ઞાન. ॥ ૪ ॥ બુદ્ધિ ચોજો અજિતપદ લેવા વીરે, ગાજે ચોર શીના ગૂઢ ફેરા શિરે, મુનિ હેમેન્દ્ર જીવન ઉજાળ, આવી દિવાળી. જ્ઞાન. ॥ ૫ ॥

---

## હૃદય-ભાવના.

( રાગ- નાથ કૈસે ગજકો બંધ છુડાયો )

જિનેશ્વર મહાવીર દેવ ઉગારો, સાચો આશરો એક તમારો—જિનેશ્વર. ટેક. અલખ નિરંજન અકલ સ્વરૂપી, કરુણાકર વીતરાગી, તુજ સ્મરણે મુજ મનની ભ્રમણા જિનવરજી ! દૂર ભાગી—જિનેશ્વર. ॥ ૧ ॥ ભવરાને હું ભૂલો ભમતો હાથ ગ્રહો મુજ સ્વામી, અંતર કલેશો દૂર કરો પ્રભુ, સુખ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra   Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર અંતરયામી–જિનેશ્વર. ॥ ૨ ॥ લાખો
તાર્યા ભવસાગરથી, તે રીત મુજને તારો;
કરુણા દૃષ્ટિ સ્થાપી ટાળો, જન્મ મરણનો
વારો–જિનેશ્વર. ॥ ૩ ॥ દોષો લાખો ઉર
નવ ધરશો, શિવસુખ હેતે આપો; હરદમ
હોંસે સ્મરણે લાવું, પાપો મારાં કાપો–
જિનેશ્વર. ॥ ૪ ॥ મંગલનામી, મંગલકામી,
મંગલ મહિમા તારો; મંગલગુણ ને મંગલ-
ગીતો, મંગલ આપો વિચારો–જિનેશ્વર.
॥ ૫ ॥ તારી સાચી લગની લાગી, ભવતારક
આતમરાગી; અખંડ ધૂન ગજવતી મધુરી,
આત્માની બંસી વાગી–જિનેશ્વર. ॥ ૬ ॥
નિર્મલ બુદ્ધિ, સુખદ **અજિત**પદ, પરમ
પ્રમોદના દાતા; મુનિ **હેમેન્દ્ર** પ્રવીણ પ્રતિ-
પળ છે, જયવન્તા પ્રભુ ગાતાં–જિનેશ્વર. ૭

---

www.kobatirth.org   For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી પાર્શ્વનાથ જન્મકલ્યાણક.

( રાગ— મેરે મૌલા બુલાલે મદીને મુઝે )

સ્વામી પાર્શ્વ પ્રભુને, ભવિ ભ[redacted] સમરે, અહિ—લાંચ્છન લાંચ્છન હીન ખરે—ટેક. દશમ પ્રાણતથી ચવ્યા, વામા કુખેથી અવતર્યા; શુભ નીલ દેહે શોભતા, સુખકર સદા શાંતિભર્યા; જ્યારે હર્ષે જગત ઋતુ-રંગ ધરે—સ્વામી. ॥ ૧ ॥ દિક્‌કુમારી દિવ્ય છપ્પન, કાર્ય સૂતિકાનું કરે; ઈન્દ્ર ચોસઠ શિર કરે, અભિષેક મેરૂ શિખરે; જન્મ મહોત્સવ અશ્વસેન તાત કરે—સ્વામી. ॥ ૨ ॥ જન્મ કલ્યાણક પ્રભુનું પોષ વદી દશમી બને; સફળ થાતો જન્મ ભજતાં—આજ દિન પ્રભુ નામને; આજે તપ એકાશન ભવ્ય ચરે—સ્વામી. ॥ ૩ ॥ અજ્ઞાનમય ક્રિયા કમઠની, કહી દીધી એ આકરી; નવકાર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાને નાગને, ધરણેન્દ્રપદ સ્થાપિત કરી;
જગમાં જીવદયાનો જયકાર કરે–સ્વામી.
[redacted]૪ ।। પરણ્યા પ્રભાવતી, આગ્રહે નિજ
માતના ને તાતના; પણ ચિત્તમાં ભાવો
રહ્યા, એ ભોગમાં વૈરાગ્યના; ભોગ કર્મોદયે
વ્યવહાર ધરે–સ્વામી. ।। ૫ ।। નિજ નમ્ર-
તાને દાખવી, નીતિ–પથ ઉજ્જવલ કર્યો;
ઋણ મુક્ત વસુધાને કરી, ઉર દાનનો મંત્ર જ
ધર્યો; લઇ સંયમ કેવળજ્ઞાન વરે–સ્વામી.
।। ૬ ।। વર્ષ શત પુરાં કરી જયવન્ત જગ-
પાલક થયા; સમ્મેત શિખરે પાર્શ્વ પ્રભુ,
નિર્વાણ પદવીને વર્યા; નવ હાથ ઉંચી પ્રભુ
કાય ધરે–સ્વામી. ।। ૭ ।। અમૃત સમી વાણી
પ્રભુની, અજિતપદવી આપતી; બુદ્ધિ
નિર્મળ જે કરે ને આત્મ–બંસી બજાવતી;
મુનિ હેમેન્દ્ર પ્રભુના ગાને તરે–સ્વામી. ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શીલ-મહિમા.

( જનેતાએ દીકરીને સોહાડી આસરે )

સખી શાણી શીયલવ્રત શ્રેષ્ઠ ધર્મ પાળજે, સુખનો સાગર શીલધર્મ એ અનુપમ, ચારિત્ર ઉત્તમ પાળો સાહેલડી-સખી. ॥ ૧ ॥ દમયંતી, સીતા, દ્રૌપદી સતીના, પવિત્ર પંથે પદ ધાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે-સખી. ॥ ૨ ॥ જાગે નિર્મળતા શીયલ પ્રભાવથી, આત્માનાં ઉઘડે દ્વાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે-સખી. ॥ ૩ ॥ શાન્તિ સંતોષ બે સાથી શીયળના, સાધી લે સાચો ઉદ્ધાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે-સખી. ॥ ૪ ॥ સતી સુભદ્રાએ શીલ ધર્મ પાળ્યો, વરતાવ્યો જય જયકાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે-સખી. ॥ ૫ ॥ કાચા તારે ચારણીએ જલ સિંચી,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઘાડયાં ચંપાદ્વાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે–સખી. ॥ ૬ ॥ શૂળી બની ગઈ હેમનું [redacted]હાસન, સુદર્શન ધર્માવતાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે–સખી. ॥ ૭ ॥ કઠિન વ્રત પાળો એ મન વાણી કાયથી, પામો **અજિત**પદ સાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે–સખી. ॥ ૮ ॥ શીયળને પાળવા રાખો પ્રવીણતા, **હેમેન્દ્ર** થાઓ ભવપાર રે, શ્રેષ્ઠ ધર્મ પાળજે–સખી. ॥ ૯ ॥

---

## યોગનિષ્ઠ બુદ્ધિસાગર સૂરીશ્વરની ગહુંલી

( રાગ– સુણો ચંદ જી. )

સજની શાણી **બુદ્ધિસાગર** સૂરિવરના ગુણ ગાઇએ, ગુરુની વાણી અમૃત સમ સુખકારી દિવ્ય વખાણીએ.–ટેક. પારંગત

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોગ વિધિમાં જે; શુભ છત્રીસ ગુણુગણુથી
રાજે; ગંભીર ગિરા ગર્જન ગાજે-સજની૦ ૧
શુભ ગ્રંથ એકસો આઠ લખ્યા, બોધામૃત[redacted]
ભવિજન હરખ્યા; સૂરિ ચોગનિષ્ઠ ગુરુને
પરખ્યા–સજની૦ ૨ રચી જૈનગીતા અતિ-
શય સારી, વચને વચને જે સુખકારી;
ગુરુ સિદ્ધપુરુષ પાવનકારી–સજની૦ ૩
ગંગા રેલાવી જ્ઞાન તણી, ગુર્જર ભુમિના
ગુરુ દિવ્ય મણિ; ભવિ નિર્મળ થાઓ
ગ્રંથ ભણી–સજની૦ ૪ ગુરુ **અજિત** નાવ
ભવથી તરવા, ગાઓ પ્રેમે ગુરુજી ગરવા
**લક્ષ્મીસાગર** શિવસુખ વરવા–સજની૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આચાર્યદેવ અજિતસાગર સૂરીશ્વરની ગહુંલી.

(રાગ-માલણ ગુંથી લાવ ગુલછડીના ગજરો)

સાહેલી ગુરુદેવની શુભ વાણી, જેને ભવિજને હરખે વખાણી—સાહેલી૦ ટેક. સૂરિ **અજિતસાગરજી** બિરાજે, વાણી ગંભીર સાગર જેવી ગાજે; જ્ઞાન ઝરણાં વહે છે અવાજે—સાહેલી૦ ૧ સિદ્ધ વક્તા ને શાંત સ્વભાવી, વાચસ્પતિ સમ વાણી ગજાવી; ધર્મભાવના સાચી જગાવી—સાહેલી૦ ૨ કવિકોવિદ શાસ્ત્રે વિશારદ, ધર્મ શાસ્ત્રોના સાચા વિચારક; દિવ્ય જ્ઞાની ગુરુ ભવતારક —સાહેલી૦ ૩ ભવ્ય મુદ્રા સૂરીશ્વરની શોભે, જોવા પ્રેમથી ભવિજન થોભે; વાણી ગર્જન ઉરને પ્રલોભે —સાહેલી૦ ૪ ગુરુ પારસમણિ કહેવાયે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના સ્પર્શે કથીર સોનું થાયે; લક્ષ્મીસાગર ગુરુગુણ ગાયે—સાહેલી૦ ૫

---

## મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજીની ગહુંલી

( રાગ— ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ )

ભાવે ગુરુજીને વંદીયે રે બ્હેન,
પ્રતાપી ભ૦મ મહારાજ રે—ભાવે૦ ટેક.
**હેમેન્દ્રસાગર** શોભતા રે બ્હેન, હેમ સમા દિવ્ય ને પવિત્ર રે—ભાવે૦ ૧ શાસનની સેવા બજાવતા રે બ્હેન, સદ્ગુણી શાસ્ત્રપ્રવીણ રે—ભાવે૦ ૨ દિપાવ્યું ચારિત્ર ઉજળું રે બ્હેન, અર્પ્યાં બોધામૃત પાન રે—ભાવે૦ ૩ વદને પ્રમોદભાવ દીપતો રે બ્હેન, જયવન્ત શ્રેષ્ઠ કવિરાયરે—ભાવે૦ ૪ માનવ, રાજેન્દ્ર ચરણે નમે રે બ્હેન, નિર્મોહી નમ્ર ગુરુ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ રે-ભાવે૦ ૫ **અજિત** જ્ઞાન-અંશી
વાગતી રે બ્હેન **લક્ષ્મીસાગર** ગુણ ગાય
[redacted]ાવે૦ ૬

---

## સન્માર્ગ.

( મારા ક્યારીમાં મ્હેંક મ્હેંક મ્હેંકે...... )

મૂર્ખ ભમરા અજ્ઞાની અધુરા, વિવેક તું શાને ભૂલ્યો ? શાને ભૂલ્યો ? નથી મ્હારૂં તે તારૂં વિચારી, અજ્ઞાની તું શાને ફૂલ્યો ? શાને ફૂલ્યો ? જલમાં કમળ નાચે સૂરજના સ્નેહમાં, તારૂં માને તું મિથ્યા આવેશમાં; સૂર્ય જાતાં નિજ પાંખડી સંકેલે વિવેક તું શાને ભૂલ્યો૦ ૧ મમતાના ઘેનમાં તું શાને ઘેરાયો ? સ્વાર્થીના સંગમાં તું કેવો ઠગાયો ? સંગ સજ્જનનો હોંસે તું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરજે, વિવેક તું શાને ભૂલ્યો૦ ૨ સંસ્કાર પામે સજ્જનની પાસે, જીવન આ મ[redacted] જ્ઞાનની સુવાસે; લાખ ચોરાશી ફે[redacted] હરજે–વિવેક તું શાને ભૂલ્યો૦ ૩ કથીર કુન્દન બને મણિના સ્પર્શે, જ્ઞાનીની વાણીમાં જ્ઞાનામૃત વરસે; ગુરુ પામી સન્માર્ગે તું જાજે–વિવેક તું શાને ભૂલ્યો૦ ૪ અજિત પદવી અપાવે ગુરુવર, ગુરુજી આપે સંસ્કાર સુંદર; મુનિ હેમેન્દ્ર શિવધામ પામે–વિવેક તું શાને ભૂલ્યો૦ ૫

---

## સત્પંથ.

( રાગ બિહાગ )

ઊંધા પંથે જાય ચેતન ! કયમ બંધનમાં ફસાય ?–ટેક. વિષયરસના સેવન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ભૂલ્યો સાચું સ્થાન, સમતા રસને
[redacted]ી શાને ચાહે નરકની ખાણુ—ઊંધા૦ ૧
[redacted]ર સમ સંસાર વિકટ છે મગર વસે
જ્યાં કષાય, લલનાના લાવણ્ય વિલાસે લપ-
ટાતો ક્યાં જાય? ઊંધા૦ ૨ કપટકળાને
છોડી દે તું કરજે પ્રભુનું ગાન, સદ્ગુરુ
કેરા ચરણકમળનું અંતરમાં ધર ધ્યાન—
ઊંધા૦ ૩ સુખ કીર્તિ જયવંતી વરશે
મળશે પરમ પ્રમોદ, સુમતિગૃહમાં વસજે,
ઝીલજે આત્મવીણાના સરોદ—ઊંધા૦ ૪
અજિતજ્ઞાનની બંસી બજાવી ધરજે
પરમાનંદ, મુનિ હેમેન્દ્ર સ્વરૂપ નિજ પામી
મેળવજે સુખકંદ—ઊંધા૦ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra   Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અંતિમ મંગલ.

( રાગ- માલકોષ. )

જિનદેવ ! પરમ સુખદાતા,
સુર માનવ સૌ ગુણ ગાતા-જિનદેવ-ટેક.
શાન્તસુધારસ વદને છાયો,
દિવ્ય તેજ શિવસુખદાતા—જિનદેવ૦ ૧
સૂર્ય ચન્દ્રથી અતિશય ઉજ્જવલ,
તપ પ્રભાવ થકી સુહાતા—જિનદેવ૦ ૨
અજિત નાથ! છો ત્રિભુવનતિલક!
મુનિ હેમેન્દ્ર તણા ભવત્રાતા-જિનદેવ૦ ૩

www.kobatirth.org   For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

( શાર્દૂલવિક્રીડિત )

વર્ણે પદ્મસમાન દેહ સુહતો, હૈયે સદાયે પ્રભુ; પાદે લાંચ્છન પદ્મનું પુનિત જે, ને પદ્મ-ગંધી ધંપુ; જેને ઇન્દ્ર ભજે પ્રમોદ ધરીને, ગાયે ગુણો કિન્નરો; ધ્યાને પદ્મસમાન પદ્મ પ્રભુને, કોટી નમસ્કાર હો–. ૩

( અનુષ્ટુભ )

સંઘ શ્વેતામ્બર કેરી, કીર્તિ વ્યાપો દશ દિશે; હેમેન્દ્રે ભાવના એવી મંગલ હો જૈનો વિષે. ॥ ૪ ॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય રસથાળ

| | |
|---|---|
| જિનસ્તુતિ ચતુર્વિંશતિકા | મૂલ્ય |
| (સરલા ટીકા) | ૧—૮-૦ |
| લઘુ સ્તોત્ર-રત્નાકર ભા. ૧ | ૦-૧૨- |
| નૂતન સ્તવન-સંગ્રહ પૃ. ૬૦૦ | ૦—૮-૦ |
| ગીત પ્રભાકર | ૧—૪-૦ |
| અજિતસેન ચરિત્ર (સંસ્કૃત) | ૧—૮-૦ |
| ચન્દ્રરાજ ચરિત્ર ,, | ૨—૮-૦ |
| સપ્તતિશતસ્થાન પ્રકરણ | |
| (મૂળ, છાયા, ટીકાનુવાદ) | ૦-૧૨-૦ |
| યોગાનુભવસુખસાગર તથા | |
| યોગવિંશિકા ( અનુવાદ ) | ૧—૪-૦ |

પ્રાપ્તિસ્થાનઃ—

શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર.

વિજાપુર. ( ઉ. ગુજરાત. )

www.kobatirth.org For Private And Personal Use Only